

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-27 ■ તા. 28-06-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### ડો.જોસફ માર થોમા મેટ્રોપોલિટનની ૯૦મી જન્મજયંતિ સમારોહનું ઉદ્ઘાટન ભાષણ કર્યું

# અન્ય દેશોની સરખામણીએ ભારતની સ્થિતિ સારીઃ મોદી



ન્યુ દિલ્હી,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ડૉ. જોસેફ માર થોમા મેટ્રોપોલિટનની ૯૦ મી જન્મ જયંતી સમારોહમાં વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા ઉદ્ઘાટન ભાષણ આપ્યુ. ભારત અને વિદેશથી માર થોમા ચર્ચના કેટલાક અનુયાયીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો. પોતાના સંબોધનમાં તેમણે કહ્યુ કે દુનિયા અત્યારે વૈશ્વિક મહામારી કોરોના વાઈરસ વિરૂદ્ધ એક મજબૂત લડત લડી રહી છે. કોવિડ-૧૯ માત્ર એક શારીરિક બીમારી નથી કે જે લોકોના જીવન માટે જોખમ છે પરંતુ આ આપણુ ધ્યાન અસ્વસ્થ જીવન-શૈલીઓ તરફ પણ લઈ જાય છે.

વડાપ્રધાને કહ્યુ, આપને એ જાણીને ખુશી થશે કે આપણા કોરોના યોદ્ધાઓની મદદથી ભારત મજબૂતીથી કોવિડ-૧૯ સામે લડી રહ્યો છે. આ વર્ષની શરૂઆતમાં કેટલાક લોકોએ ભવિષ્યવાણી કરી હતી કે ભારતમાં વાઈરસનો પ્રભાવ ઘણો ગંભીર હશે. લૉકડાઉનના કારણે સરકાર અને લોકો દ્વારા સંચાલિત લડતની કેટલીક પહેલના કારણે ભારત કેટલાક અન્ય દેશોની તુલનામાં ઘણો સારો છે. ભારતમાં સાજા થવાનો દર વધી રહ્યો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યુ, જન આધારિત લડતે અત્યાર સુધી સારા પરિણામ આપ્યા છે પરંતુ શુ આપણે આ મુદ્દે નજરઅંદાજ કરી શકીએ છીએ? બિલકુલ પણ નહીં. આપણે હવે વધારે સાવધાન રહેવાની જરૂર છે. માસ્ક પહેરવુ, સામાજિક અંતર, બે ગજની દૂરી, ભીડવાળા સ્થળોથી દૂર રહેવુ હજુ પણ જરૂરી છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં ભારત સરકારે અર્થવ્યવસ્થા સંબંધિત અલ્પકાલિન અને દીર્ઘકાલિન બંને મુદ્દાને સંબોધિત કર્યા છે.

સમુદ્રથી અંતરિક્ષ સુધી, ખેતરોથી ફેક્ટરીઓ સુધી, લોકોના અનુકૂળ અને વિકાસના અનુકુળ નિર્ણય લેવામાં આવ્યા છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યુ કે હુ ડૉ. જોસેફને શુભકામનાઓ આપુ છુ અને હુ તેમના લાંબા જીવન અને સર્વશ્રેષ્ઠ સ્વાસ્થ્યની કામના કરૂ છુ. ડૉ. જોસેફ માર થોમાએ આપણા સમાજ અને રાષ્ટ્રના સારા માટે પોતાનુ જીવન સમર્પિત કરી દીધુ. તેઓ વિશેષરીતે ગરીબી હટાવો અને મહિલા સશક્તિકરણને લઈને ઉત્સાહી રહ્યા. માર થોમા ચર્ચ સેન્ટ થૉમસના મહાન આદર્શો, પ્રભુ મસીહના પ્રેરિતોની સાથે નિકટતા સાથે જોડાયેલા છે. ભારત હંમેશાથી કેટલાક સ્ત્રોતોના આધ્યાત્મિક પ્રભાવને લઈને ખુલ્લુ રહ્યુ છે. આ વિનમ્રતાની ભાવનાની સાથે માર થોમા ચર્ચે ભારતીયોના જીવનમાં એક સકારાત્મક અંતર લાવવાનુ કામ કર્યુ છે. તેમણે સ્વાસ્થ્ય સેવા અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં કામ કર્યુ છે.

### ભારતીય નૌસેનાની તાકાતમાં ઉમેરો

## એન્ટિ ટોર્પિડો મિસાઈલ સિસ્ટમ 'મારીચ' યુદ્ધ કાફલામાં સામેલ

**'મારીચ' એ સ્વદેશી સંરક્ષણ તકનીકના વિકાસની દિશામાં નૌસેના અને ડીઆરડીઓના સંયુક્ત સંકલ્પનું સાક્ષી**

ન્યુ દિલ્હી,તા.૨૭

ભારતીય નૌસેના દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ પ્રમાણે તેણે સ્વદેશ નિર્મિત અદ્યતન એન્ટી ટોર્પિડો મિસાઈલ સિસ્ટમ 'મારીચ'ને પોતાના કાફલામાં સામેલ કરી છે જે આગળના મોરચાના તમામ યુદ્ધ જહાજ પરથી તાકી શકાશે. આ મિસાઈલ સિસ્ટમ કોઈ પણ જાતના ટોર્પિડો હુમલાને નિષ્ફળ બનાવવામાં નૌસેનાની મદદ કરશે.




સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ) દ્વારા વિકસિત 'મારીચ' પ્રણાલી હુમલો કરનાર ટોર્પિડોને ઓળખીને તેને ભ્રમિત કરવા અને નષ્ટ કરવા સક્ષમ છે. નૌસેનાએ જણાવ્યું કે, નિર્દિષ્ટ નૌસેન્ય મંચ પર લગાવવામાં આવેલા આ પ્રણાલીના મોડેલે તમામ પ્રાયોગિક મૂલ્યાંકન પરીક્ષણ સફળતાપૂર્વક પાર કર્યું હતું અને નૌસૈન્ય સ્ટાફ માપદંડ આવશ્યકતાઓને અનુરૂપ તમામ વિશેષતા પ્રદર્શનો પર તે ખરી ઉતરી હતી.

નૌસેનાના કહેવા પ્રમાણે 'મારીચ'ને સામેલ કરવામાં આવે તે સ્વદેશી સંરક્ષણ તકનીકના વિકાસની દિશામાં નૌસેના અને ડીઆરડીઓના સંયુક્ત સંકલ્પનું સાક્ષી છે તથા સરકારની 'મેક ઈન ઈન્ડિયા' પહેલ અને દેશના તકનીક ક્ષેત્રે આત્મનિર્ભર બનાવાના સંકલ્પની દિશામાં એક મોટું પગલું છે. સંરક્ષણ એન્ટરપ્રાઈઝ ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ દ્વારા આ વિધ્વંસક પ્રણાલીનું ઉત્પાદન કરવામાં આવશે.

અગ્રિમ હરોળના તમામ યુદ્ધ જહાજો પરથી તાકી શકાય તે માટે સક્ષમ અદ્યતન ટોર્પિડો વિધ્વંસક પ્રણાલી મારીચ માટે એક કરાર સુધી પહોંચવાની સાથે આજે ભારતીય નૌસેનાને એન્ટી સબમરીન યુદ્ધ ક્ષમતામાં મોટી સફળતા મળી છે.

## કેજરીવાલે કોરોના દર્દીઓ માટે હોસ્પિટલોમાં બેડની સંખ્યા વધારવાને પહેલુ હથિયાર ગણાવ્યુ

ન્યુ દિલ્હી,તા.૨૭

દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું છે કે દિલ્હીવાળાઓએ કોરોનાની વિરુદ્ધ જોરદાર યુદ્ધ શરૂ કર્યું છે. આ યુદ્ધમાં અમારા આ ૫ હથિયાર છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આ ૫ ઉપાયો વિશે વિસ્તૃત રીતે જણાવ્યું. અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં કોરોના દર્દીઓ માટે હૉસ્પિટલોમાં બેડની સંખ્યા વધારવાને પહેલું હથિયાર ગણાવ્યું છે. અરવિંદ કેજરીવાલે કહ્યુ કે, "ગત એક અઠવાડિયામાં બેડની સંખ્યામાં ઘણો વધારો કરવામાં આવ્યો છે. અત્યારે દિલ્હીમાં ૧૩૫૦૦ બેડ છે, જેમાંથી ૬૫૦૦ પર દર્દીઓ છે. સાથે જ દરરોજ ૨૦૦૦૦ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. હું કેન્દ્રનો અમને જરૂરી ટેસ્ટ કિટ આપવા માટે આભાર માનું છું.

દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ડિઝિટલ પ્રેસ કૉન્ફરન્સમાં કહ્યું કે, "અમારી લડાઈ માર્ચ મહિનાથી શરૂ થઈ. માર્ચમાં જ્યારે આખી દુનિયામાં કોરોના ફેલાયો હતો, જે દેશોમાં કોરોના સૌથી વધારે ફેલાયો હતો ત્યાંથી ભારતીયોએ કહ્યુ કે તેઓ પોતાના દેશ આવવા ઈચ્છે છે." કેજરીવાલે કહ્યું કે, "માર્ચથી ખાસ કરીને એ દેશોમાંથી જ્યાં કોરોના વધારે ફેલાયો હતો ત્યાંથી ૩૫,૦૦૦ લોકો દિલ્હી આવ્યા. તેમની સ્ક્રીનિંગ થઈ અને જેને તાવ આવ્યો તેમને હૉસ્પિટલોમાં ભર્તી કરવામાં આવ્યા. આ તમામ લોકો પોતાના ઘરે ગયા, કારણ કે એ દિવસોમાં જાણકારી પણ ઓછી હતી અને ગાઈડન્સ પણ ઓછું હતુ.

અરવિંદ કેજરીવાલે કોરોનાની લડાઈમાં બીજુ હથિયાર ટેસ્ટિંગને ગણાવ્યું છે. તેમણે કહ્યુ કે આજે રોજનાં ૨૦ હજાર કોરોના ટેસ્ટ થઈ રહ્યા છે. તેમણે આ માટે કેન્દ્ર સરકારનો આભાર માનતા કહ્યું કે, "કેન્દ્ર સરકારનો આભાર જેમણે રૈપિડ ટેસ્ટ કિટ્સ અમને આપી. અમે હવે ખુદ પણ આ કિટ્સ ખરીદી લીધી છે." તેમણે કોરોનાની લડાઈમાં ત્રીજુ હથિયાર ઑક્સિજન અને ઑક્સોમીટર છે. તેમણે કહ્યું કે તમામ હોમ આઈસોલેશનવાળા દર્દીઓને ઑક્સોમીટર મોકલી દેવામાં આવ્યા છે. દર્દીઓને ઑક્સિજનની કમી થાય તો જણાવવા કહેવામાં આવ્યું છે જેમને પુરતી મદદ આપવામાં આવશે.

### દિલ્હીમાં પેટ્રોલ ૮૦.૩૮ અને ડીઝલ ૮૦.૪૦ રૂ.એ પહોંચ્યું

## સતત ૨૧મા દિવસે પેટ્રોલમાં ૨૫ અને ડિઝલમાં ૨૧ પૈસાનો વધારો

ન્યુ દિલ્હી,તા.૨૭

પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવ દિવસે દિવસે ગંભીર મુદ્દો બની રહ્યા છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં કાચા તેલના ભાવમાં ઘટાડો હોવા છતા આજે સતત ૨૧માં દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો ઝીંકાયો છે. આજે ડીઝલ ૨૧ પૈસા જ્યારે પેટ્રોલના ભાવમાં ૨૫ પૈસાનો વધારો નોંધાયો છે.




આ સાથે છેલ્લા ૨૧ દિવસમાં ડીઝલ કુલ ૧૧ રૂપિયા અને પેટ્રોલ કુલ ૯.૧૨ રૂપિયા મોંઘું થયું છે.પેટ્રોલની કિંમતથી વધુ ડીઝલના ભાવ વધુ થતા લોકો દ્વારા અલગ-અલગ પ્રતિક્રિયા સામે આવી રહી છે. તેમ છતા ૨૭ જૂનના રોજ સરકારી તેલ કંપનીઓએ ઈંધણની કિંમતોમાં વધારો કર્યો છે. રાજધાની દિલ્હીની વાત કરીએ તો પેટ્રોલની કિંમત ગઈકાલે ૮૦.૧૩ રૂપિયા હતી જે ૨૫ પૈસા વધીને આજે ૮૦.૩૮ રૂપિયા પ્રતિ લિટર બોલાઈ રહી છે. જ્યારે ડીઝલની વાત કરીએ તો ગઈકાલે ભાવ ૮૦.૧૯ રૂપિયા હતા જે આજે ૨૧ પૈસા વધીને ૮૦.૪૦ રૂપિયા પ્રતિ લિટરે પહોંચ્યા છે.

આ સાથે દિલ્હી દેશનું પ્રથમ એવું રાજ્ય બન્યું છે જ્યાં પેટ્રોલ કરતા ડીઝલ વધું મોંઘું થયું છે.રાજ્યની વાત કરીએ તો પ્રમુખ શહેરોમાં પણ પેટ્રોલ અને ડીઝલના ભાવ સતત વધી રહ્યા છે. સતત ૨૧માં દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યાં છે. અમદાવાદમાં પેટ્રોલના ભાવ રૂ.૭૭.૯૨ પ્રતિ લિટર જ્યારે ડીઝલ પ્રતિ લિટર રૂ.૭૭.૭૮ બોલાઈ રહ્યું છે.

ઉપરાંત, સુરતમાં પેટ્રોલ રૂ.૭૭.૭૬ અને ડીઝલ રૂ.૭૭.૬૪ પ્રતિ લિટરે, રાજકોટમાં પેટ્રોલ રૂ.૭૭.૬૬ અને ડીઝલ રૂ.૭૭.૫૪ પ્રતિ લિટર, જ્યારે જામનગરમાં પેટ્રોલના ભાવ રૂ.૭૭.૮૧ અને ડીઝલ રૂ.૭૭.૬૧ પ્રતિ લિટરે બોલાઈ રહ્યા છે.

## ૨૪ કલાકમાં અધધ..૧૮૫૫૨ કેસ,૩૮૪ના મોત

ન્યુ દિલ્હી,તા.૨૭

૧ જુલાઈથી અનલોક-૨માં વધુ છૂટછાટ આપવાની શક્યતા વચ્ચે કોરોના મહામારીએ જાણે કે ભારતમાં અડિંગો જમાવ્યો હોય તેમ એક જ દિવસમાં ૧૮ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. અને વધુ ૩૮૪ લોકોના મોત થયા હતા. આજે શનિવારે સવારે ૮ વાગે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાકમાં આંકડા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કર્યા હતા. જેના જણાવ્યા પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં ૧૮ હજાર ૫૫૨ કેસ સામે આવ્યા હતા અને વધુ. ૩૮૪ લોકોના મોત થયા હતા. આ સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૫,૦૯,૯૫૩ થઈ ગઈ છે. જેમાં ૧ લાખ ૯૭ હજાર ૩૮૭ એક્ટિવ કેસ છે. ૨ લાખ ૯૫ હજાર ૮૮૧ લોકો અત્યાર સુધીમાં સાજા થયા છે.જ્યારે મોતનો કુલ આંકડો ૧૫ હજાર ૬૮૫ પર પહોંચ્યો છે. જો સંક્રમણના કેસ આ જ ઝડપથી વધશે તો આગામી સપ્તાહમાં ભારત વિશ્વમાં ત્રીજો સૌથી વધુ સંક્રમિત દેશ બનશે.રોજના જે રીતે કેસો આવી રહ્યાં છે તે જોતાં આવતીકાલે રવિવારના આંકડા સાથે કુલ સંખ્યા સવા પાંચ લાખને પાર થઈ જશે. બીજી તરફ, કોરોનાના જોખમને જોતાં ઝારખંડ સરકારે લોકડાઉન ૩૧ જૂલાઈ સુધી વધારી દીધું છે. બે મહિનાના સખત લોકડાઉન બાદ લોકડાઉન- ૫માં આપવામાં આવેલી છૂટછાટ બાદ કોરોનાનો કાળો કેર દિવસેને દિવસે ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે.જ્યારે, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં ૨ લાખ ૨૦ હજાર ૪૭૯ ટેસ્ટ કરાયા છે. સાથે જ ૨૬ જૂન સુધી દેશમાં ૭૯ લાખ ૯૬ હજાર ૭૦૭ લોકોના ટેસ્ટ કરાયા છે.દરમ્યાન, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે ટ્વિટ કરીને જણાવ્યું કે, રાજધાનીમાં શનિવારે રેકોર્ડબ્રેક સમાન ૨૧ હજાર ૧૪૪ ટેસ્ટ કરાયા છે. જે એક દિવસમાં સૌથી મોટો આંકડો છે. તેમણે જણાવ્યું કે, અમે ચાર ગણા ટેસ્ટ વધારી રહ્યા છીએ. દિલ્હીમાં હવે ઝડપથી ટેસ્ટીંગ કરાશે અને વધારેમાં વધારે લોકોને આઈસોલેશનમાં રખાશે.સૂત્રોએ કહ્યું કે, . ચિંતાજનક બાબત એ પણ છે કે દેશમાં સૌથી વધારે ૧ લાખ ૫૨ હજારથી વધુ કેસ ઔદ્યોગિકક્ષેંત્રે નંબર વન એવા મહારાષ્ટ્રમાં જ છે અહીંયા ૭ હજારથી વધુ લોકોના મોત થયા છે.

બીજા નંબરે રહેલા દિલ્હીમાં ૭૭ હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે અહીંયા ૨,૪૯૨ લોકોના કોરોનાના કારણે મોત થયા છે. શુક્રવારે સતત બીજા દિવસે ૧૮ હજારથી વધુ કેસ વધ્યા હતા અને ૧૦ હજાર ૨૪૬ દર્દી સાજા પણ થયા હતા.બીજી બાજુ અનલોક-૧ એટલે કે જૂન મહિનામાં ૩ લાખથી વધુ દર્દી વધ્યા છે. એક જૂને ૧ લાખ ૯૮ હજાર ૩૭૧ દર્દી હતા. એટલે ક જૂનના ૨૬ દિવસોમાં ૩ લાખ ૧૧ હજાર ૦૯૫ દર્દી વધ્યા અને સંક્રમિતોનો આંકડો પાંચ લાખથી વધુ થઈ ગયો હતો. સારી બાબત એ પણ છે કે ભારતમાં રિકવરી રેટ પણ ઝડપથી વધી રહ્યો છે. આ દરમિયાન રિકવરી રેટમાં પણ ૧૬%નો વધારો થયો છે અને અત્યાર સુધી ૫૮.૨૬%એ પહોંચી ગયો છે.

## ચીન સામે લડવા ભારત સજ્જ, લદ્દાખમાં લગાવાશે ૧૩૪ સેટેલાઈટ ફોન ટર્મિનલ



ન્યુ દિલ્હી,તા.૨૭

લદ્દાખમાં ભારતીય સેના ચીનની દરેક ચાલનો જવાબ આપવા માટે તૈયાર છે. જેથી જો ચીન કોઈ પણ પ્રકારની હરકત કરવાનો પ્રયાસ કરશે તો તેને પાઠ ભણાવી શકાય. ભારતની તૈયારીઓ માત્ર ગોલાબારૂદ અને હથિયારોની તૈનાતીથી જ નથી થઈ રહી.ભારત હવે લદ્દાખમાં સરહદનાં તમામ વિસ્તારોને કનેક્ટ કરવા, ત્યાં સંચારનાં માધ્યમોને ચુસ્ત-દુરસ્ત કરવામાં જોડાયેલ છે. ભારતની આ મુહિમ પણ સૈન્ય તૈયારી જેવી જ છે. લદ્દાખનાં સીમાવર્તી ગામડાંઓમાં સંચાર સુવિધાને વધારે મજબૂત કરવામાં કેન્દ્ર સરકારે નવો પ્લાન તૈયાર કર્યો છે. સરકારે લદ્દાખમાં ૧૩૪ ડિજિટલ સેટેલાઈટ ફોન ટર્મિનલ સ્થાપિત કરવાની યોજના બનાવવામાં આવી છે.જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં કનેક્ટિવિટી પર ૩૩૬.૮૯ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. જો માત્ર લદ્દાખની વાત કરીએ તો તેની પર ૫૭.૪ કરોડ રૂપિયાનો ખર્ચ આવશે. જેનાંથી જમ્મુ-કાશ્મીરનાં પણ અનેક ગામડાંઓમાં લોકો ફોનની સુવિધાનો ફાયદો ઉઠાવી શકશે.લદ્દાખમાં જે મહત્વપૂર્ણ વિસ્તારોને સેટેલાઈટ ફોન કનેક્શન મળશે, તેમાં ગલવાન ઘાટી, દૌલત બેગ ઓલ્ડી, હૉટ સ્પ્રિંગ્સ, ચુશુલ શામેલ છે. એ તમામ વિસ્તારોને વાસ્તવિક નિયંત્રણ રેખા સાથે જોડાયેલ છે. ગલવાન ઘાટીમાં જ તાજેતરમાં ચીન સાથે સંઘર્ષ થયું હતું. જ્યારે દૌલત બેગ ઓલ્ડીમાં ભારતનું સૈન્ય ઠેકાણું છે.

જ્યાં સંચાર વ્યવસ્થાને દુરસ્ત કરવાની માંગ લાંબા સમયથી કરવામાં આવી રહી હતી.લદ્દાખનાં એગ્જિક્યુટિવ કાઉન્સીલર કુનચોર સ્ટાંજીએ જણાવ્યું કે, "ચીને પોતાની સીમામાં ફોન નેટવર્કનો વિસ્તાર કર્યો છે. તેમને ત્યાં નેટવર્કની સ્થિતિ ખૂબ સારી છે.

### ચીન સામે શહીદ સૈનિકોની શોકસભામાં કોંગ્રેસના કાર્યકરો વચ્ચે છુટ્ટા હાથની મારામારી

અજમેર,તા.૨૭

લદ્દાખ મોરચે ગલવાન ખીણમાં ચીની સેના સામેના ટકરાવમાં શહીદ થયેલા ભારતીય સેનાના ૨૦ જવાનોને શ્રધ્ધાંજલિ આપવા માટે કોંગ્રેસે યોજેલી શોકસભામાં જ કાર્યકરો અંદરો અંદર બાખડી પડ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે અજમેરમાં સ્થાનિક કોંગ્રેસી નેતાઓએ જવાનોને શ્રધ્ધાંજલિ આપવા માટે આ શોકસભાનુ આયોજન કરાયુ હતુ. અજમેરના શહીદ સ્મારક ખાતે આ શોકસભા યોજાઈ હતી.

જેમાં શહેરના કોંગ્રેસ અધ્યક્ષ સાથે બીજા નેતાઓ પુષ્પાંજલિ આપી રહ્યા હતા ત્યારે બે કાર્યકરો એક બીજા સાથે ભીડાઈ ગયા હતા.સોના ધનવાની નામનો કાર્યકર સ્ટેજ પર જઈ રહ્યો હતો ત્યારે શમસુદ્દીન નામના કાર્યકરે તેને રોક્યો હતો.આ વાત પર બંને વચ્ચે બોલાચાલી થઈ હતી અને એ પછી છુટ્ટા હાથની મારા મારી શરુ થઈ ગઈ હતી.બંનેએ એક બીજાના કપડા ફાડી નાંખ્યા હતા.તેઓ લોહીલુહાણ થઈ રહ્યા હતા.એ પછી બીજા નેતાઓએ તેમને છોડાવ્યા હતા.

### રાજનીતિને અલગ રાખીને બધા મુદ્દા સામે લડવાની જરૂર છે

## આજે દુનિયા મહામારી અને ફેક ન્યુઝ સામે સંઘર્ષ કરી રહી છેઃ એસ.જયશંકર



ન્યુ દિલ્હી,તા.૨૭

વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું છે કે હાલમાં વિશ્વ રોગચાળા અને ખોટા સમાચારોના દ્વિપક્ષી હુમલા સામે લડી રહ્યું છે. આજે આપણે બદલાવના મોડ પર ઉભા છીએ.

રોગચાળાએ વિશ્વની આર્થિક પ્રણાલીને બરબાદ કરી દીધી, તેની સાથે ૪૦ હજાર લોકોનાં જીવ પણ લઈ લીધા. તેનાથી આપણી જીવનશૈલી, કામ કરવાની રીત અને મુસાફરી કરવાની રીત પણ બદલાઈ છે. સાથે જ એક બીજા સાથેના સંબંધોને પણ અસર થઈ છે.

જયશંકરે શુક્રવારે એલાયંસ ઓફ મલ્ટીલેટરલિસ્મની વર્ચુઅલ મીનીસ્ટ્રીઅલ મિટિંગમાં આ વાત કરી હતી. આ એલાયંસ વિશ્વમાં સ્થિરતા અને શાંતિના પગલાં માટે સમાન વિચારધારા ધરાવતા દેશોનું એક સંગઠન છે.

વિદેશ મંત્રીના જણાવ્યા મુજબ, એ કહેવું ખૂબ જ વહેલું છે કે કોરોનાએ આપણી જીવનશૈલી કાયમ માટે બદલી નાખી છે, બીજાની હાજરીમાં આપણું કમ્ફર્ટ લેવલ ઓછું થયું છે.

નકલી સમાચારો, ખોટી માહિતી અને ઈરાદાપૂર્વક ખોટા સમાચાર ફેલાવવાને કારણે પરસ્પર વાતચીતમાં શંકા વધી ગઈ છે.

જયશંકરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભવિષ્યમાં આ બંને પડકારોનો સામનો કરવાની રીત એકસરખી છે. સાઈન્ટીફિક એપ્રોચ પર વધુ ભરોસો રાખવાની જરૂર છે.

મતલબ કે આપણે રાજકારણને અલગ રાખીને ફેક્ટસ પર ફોકસ કરવું જોઈએ. પછી તે ભલે કોરોના સામે લડતની વાત હોય કે ભવિષ્યમાં મહામારીઓથી લડવાની તૈયારીનો મુદ્દો હોય.

## તંત્રી લેખ

# કોરોના સામે યોગી સરકારની કાર્યવાહી અસરકારક પણ સરખામણી અયોગ્ય

ભારતમાં બીજા દેશોની સરખામણીમાં કોરોનાના કેસોની સંખ્યા ઓછી છે તેનું એક કારણ ઓછા ટેસ્ટ પણ છે. ભારતમાં અત્યાર લગીમાં પાંચ લાખ લોકોના ટેસ્ટ નથી થયા. તેની સામે આ ચાર દેશોના કુલ ટેસ્ટ બે કરોડની આસપાસ છે. મતલબ કે ભારત કરતાં ચાલીસ ગણા વધારે ટેસ્ટ થયા છે. બ્રિટને તો ૭૫ લાખ લોકોના ટેસ્ટ કર્યા છે. ફ્રાન્સ વીસેક લાખ કેસ સાથે સૌથી તળિયો છે પણ તેના કેસ પણ આપણા કરતાં ચાર ગણા છે. સ્પેન અને ઈટાલી પ્રમાણમાં નાના દેશો હોવા છતાં પચાસ-પચાસ લાખ લોકોના ટેસ્ટ કરીને બેઠા છે.આપણે ત્યાં ઘણાં લોકોને કોરોના થઈને મટી પણ ગયો હશે ને ખબર પણ ના પડે એવું બને. ભારતમાં સામાન્ય જિંદગીમાં તકલીફો વધારે છે. પીવા માટે ખરાબ પાણી, આસપાસ ગંદકી ને બીજી બધી એટલી અગવડો છે કે લોકોની રોગ પ્રતિકારક શક્તિ કશું કર્યા વિના જ વધી જાય. તેના કારણે પણ ભારતમાં કોરોના એટલો બધો નથી ફેલાયો. કોરાનાના કારણ લોકડાઉન લાદવું પડ્યું તેમા સાવ નવરા થઈ ગયેલા કામદારોને રોજગારી આપવા માટે છ રાજ્યોમાં આત્મનિર્ભર રોજગાર યોજના શરૂ કરી છે. મોદીએ ગયા અઠવાડિયે બિહારથી તેની શરૂઆત કરેલી ને શુક્રવારે ઉત્તર પ્રદેશમાં તેનો પ્રારંભ કરાવ્યો.મોદીએ કોરોના સામેની લડાઈમાં યોગી આદિત્યનાથે કરેલી કામગીરીનાં બે મોંઢે વખાણ કર્યા ને યોગીની બરાબર પીઠ થાબડી. મોદીએ જાહેર કર્યું કે, ઉત્તર પ્રદેશની વસતી કોરોના કારણે સૌથી વધારે અસરગ્રસ્ત એવા યુરોપના ચાર દેશો બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી અને સ્પેન જેટલી છે પણ કોરોનાના કારણે મૃત્યુ આંકમાં ઉત્તર પ્રદેશ ક્યાંય પાછળ છે. આ ચાર દેશોમાં કુલ મળીને ૧.૩૦ લાખ લોકો કોરોનાના કારણે ઢબી ગયાં જ્યારે ઉત્તર પ્રદેશમાં મોતનો આંકડો માંડ ૬૦૦ પર પહોંચ્યો છે. બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી અને સ્પેન જેટલી જ ૨૪ કરોડની આસપાસ વસતી હોવા છતાં આ ચાર દેશોના કુલ મૃત્યુ આંકના એક ટકા લોકો પણ ઉત્તર પ્રદેશમાં મોતને નથી ભેટ્યાં એ બતાવે છે કે, ઉત્તર પ્રદેશે કોરોના સામે એકદમ અસરકારક કામગીરી કરી છે.ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથે કોરોના સામે સારી કામગીરી બજાવી છે એ વાત સાચી છે પણ મોદી યુરોપના ચાર દેશો સાથે તેની સરખામણી કરે એ બરાબર નથી. આ સરખામણી છેતરામણી ને ગેરસમજો ઊભી કરનારી છે. યુરોપના સંજોગો, અર્થતંત્ર ને બધું સાવ અલગ છે ને ભારતના સંજોગો તથા અર્થતંત્ર પણ સાવ અલગ છે. આપણે ઉત્તર પ્રદેશની તો વાત જ નથી કરતા પણ ભારતનાં સૌથી સમૃદ્ધ ગણાય એવાં રાજ્યો પણ યુરોપના દેશોની સરખામણીમાં ના આવે. ઉત્તર પ્રદેશ તો હજુય ભારતનાં પછાત રાજ્યોમાં આવે છે ત્યારે તેની સરખામણી તો યુરોપના દેશો સાથે કરવાનો સવાલ જ નથી ઉઠથતો.કોરોનાને આ બધી વાત સાથે શું લેવાદેવા એ સવાલ કોઈને થશે. એ સવાલ સ્વાભાવિક છે કેમ કે આપણે અત્યાર લગી કોરોનાના રોગચાળાને આ દષ્ટિકોણથી જોયો જ નથી. વાસ્તવમાં કોરોનાનો રોગચાળો આર્થિક બાબતો સાથે જ જોડાયેલો છે ને તેનો ફેલાવો એવા દેશોમાં વધારે થયો કે જે દેશોમાં પ્રવાસીઓની અવરજવર વધારે છે. જે દેશોમાં બહારના દેશોમાંથી પ્રવાસીઓ વધારે આવે છે, જે દેશોમાં બહારના રાજ્યોમાંથી બિઝનેસમેન ને બીજી કેટેગરીનાં લોકો પણ વધારે આવે છે એ દેશો જ કોરોનાનો ભોગ સૌથી વધારે બન્યા છે.ઉત્તર પ્રદેશની વાત છોડો પણ દુનિયામાં જ્યાં સૌથી વધારે પ્રવાસીઓ ઉમટે છે એવા દેશોમાં ભારત પણ નથી આવતું. કોરોનાનો ફેલાવ ભારતમાં ઓછો છે તેનું મૂળ કારણ એ જ છે કે, બહારના દેશોમાંથી લોકો અહીં ઓછા આવે છે. ભારતમાં મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ વગેરે શહેરોમાં કોરોનાના કેસો સૌથી વધારે નોંધાયા છે કેમ કે આ શહેરોમાં સૌથી વધારે વિદેશીઓ આવે છે. કોરોના ચીનથી શરૂ થયો ને ચીના જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં ચેપ લગાડતા ગયા તેમાં આખી દુનિયામાં ફેલાતો ગયો. આ દેશોમાં અમેરિકા ને યુરોપના દેશો સૌથી પહેલાં લપેટમાં આવી ગયા કેમ કે ચીના હોય કે બીજા દેશનાં લોકો હોય, સૌથી વધારે ત્યાં જ જાય છે.મોદી ઉત્તર પ્રદેશની વાત કરે છે પણ ફ્રાન્સ, ઈટાલી, સ્પેન અને બ્રિટન એ ચાર દેશોમાં વિદેશી પ્રવાસી કેટલા આવે છે તેના આંકડા જાણશો તો હાયકારો નિકળી જશે.

# જીતુભાઈ વાઘાણીએ શ્રીકમલમ ગાંધીનગર ખાતેકોંગ્રેસના ધારાસભ્યશ્રીઓને ખેસ પહેરાવી ભાજપામાં વિધિવત પ્રવેશ કરાવ્યો

**ભાજપાની રાષ્ટ્રવાદી, પ્રજાભિમુખ અને વિકાસલક્ષી રાજનીતિથી પ્રેરાઈને કોંગ્રેસના પાંચ પૂર્વ ધારાસભ્યશ્રીઓ ભાજપામાં જોડાઈ રહ્યા છે તે પ્રસંગે ગુજરાત ભાજપાના તમામ કાર્યકર્તાઓ વતી હું તેમનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું - શ્રી જીતુભાઈ વાઘાણી**



ગાંધીનગર,તા.૨૭

ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રીકમલમ ગાંધીનગર ખાતે ધારી, મોરબી, અબડાસા, કપરાડા અને કરજણ વિધાનસભાના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યશ્રી ઓને ખેસ પહેરાવી ભાજપામાં વિધિવત પ્રવેશ કરાવ્યો હતો.

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ગાંધીનગર ખાતે ધારીના પૂર્વ ધારાસભ્ય શ્રી જે.વી કાકડિયા, મોરબીના પૂર્વ ધારાસભ્ય શ્રી બ્રિજેશભાઈ મેરજા, અબડાસાના પૂર્વ ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, કપરાડાના પૂર્વ ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી અને કરજણના પૂર્વ ધારાસભ્ય શ્રી અક્ષયભાઈ પટેલ એમ પાંચ વિધાનસભા બેઠકના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યશ્રીઓને ભાજપાનો ખેસ પહેરાવી ભાજપામાં વિધિવત પ્રવેશ કરાવ્યો હતો.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે તીવ્ર જૂથબંધી, આંતરિક વિખવાદ તથા અંદરોઅંદરની તીવ્ર ખેંચતાણ અને હુંસાતુસી ને કારણે કોંગ્રેસ આપમેળે જ તૂટી રહી છે. કોંગ્રેસને જનતાની નહી પણ ગાંધી પરિવારના એકચક્રી આધિપત્યને જાળવી રાખવાની ચિંતા છે તેના પરિણામસ્વરૂપ કોંગ્રેસના જનપ્રતિનિધિઓ ગુંગળામણ અનુભવી રહ્યા છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસને દેશના વિકાસ, અખંડિતતા અને સંપ્રભુતાની નહી પરંતુ ફક્ત અને ફક્ત લઘુમતી વોટબેન્કના તુષ્ટીકરણના સત્તાલક્ષી રાજકારણમાં રસ છે. દેશની જનતાએ જમ્મુ અને કાશ્મીરમાં થી કલમ ૩૭૦/ ૩૫ એ નું નિર્મૂલન, નાગરિકતા સંશોધન કાયદો, રામ જન્મભૂમિનો ચુકાદો અને ત્રિપલ તલાક નાબૂદીના નિર્ણય બાદ કોંગ્રેસનો નકારાત્મક અભિગમ જોયો અને અનુભવ્યો છે. ટુકડે ટુકડે ગેંગ નું સમર્થન કરનાર કોંગ્રેસના આજે ગુજરાત સહિત દેશના અલગ-અલગ રાજ્યોમાં ટુકડા થઈ રહ્યા છે. ફક્ત જનતાને જ નહી હવે કોંગ્રેસના જનપ્રતિનિધિઓને પણ કોંગ્રેસના દિશાવિહિન નેતૃત્વ ઉપર ભરોસો રહ્યો નથી. શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૧૯૯૫થી રાજ્યની જનતાએ સતત ભાજપ પર વિશ્વાસ મૂકીને સેવા કરવાનો અવસર આપ્યો છે. આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર તેમજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર જનતાની આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા કટિબધ્ધ છે, ત્યારે ભાજપાની રાષ્ટ્રવાદી, પ્રજાભિમુખ અને વિકાસલક્ષી રાજનીતિથી પ્રેરાઈને આ પાંચેય પૂર્વ ધારાસભ્યશ્રીઓ ભાજપામાં જોડાઈ રહ્યા છે તે પ્રસંગે ગુજરાત ભાજપાના તમામ કાર્યકર્તાઓ વતી હું તેમનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું.

ભાજપામાં જોડાયેલ પૂર્વ ધારાસભ્યશ્રીઓ એ તેમની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં તથા ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી. નડ્ડાજી ની રાહબરી હેઠળ દેશ વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે, સમગ્ર વિશ્વમાં ભારતનું સન્માન વધી રહ્યું છે, ગુજરાતમાં પણ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતીનભાઈ પટેલના સંવેદનશીલ નેતૃત્વમાં ગુજરાત પોતાની વિકાસયાત્રા આગળ વધારી રહ્યું છે. પાંચેય પૂર્વ ધારાસભ્યશ્રીઓએ ભાજપાના અદના કાર્યકર્તા તરીકે કાર્ય કરવાનો અને ભાજપાના સંગઠનને વધુ મજબૂત બનાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રીકમલમ ખાતે પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી ભરતસિંહ પરમાર, શ્રી કે. સી. પટેલ, શ્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ગોરધનભાઈ ઝડફિયા, પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઈ પંડયા, ભાજપા અગ્રણી શ્રી દિલીપભાઈ સંઘાણી તથા અન્ય પ્રદેશ હોદેદારશ્રીઓ/અગ્રણીશ્રીઓ તેમજ ધારી, મોરબી, અબડાસા, કપરાડા અને કરજણ વિધાનસભાને આવરતા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, પ્રભારીશ્રીઓ, જિલ્લા પ્રમુખ/મહામંત્રીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## માઇક્રો કન્ટેનમેન્ટ હેઠળ આવતી સોસાયટીમાં લગાવ્યા પતરા

અમદાવાદ,તા.૨૭

અમદાવાદીઓ સાવધાન...આરોગ્ય સંયુક્ત સચિવ, લવ અગ્રવાલનો અધિકારીને ઠપકો મળતા અધિકારીઓ એક્શનમાં આવી ગયા છે. માઈક્રો કન્ટેઈમેન્ટમાં આવતી સોસાયટીઓમાં તમામ લોકોએ ચુસ્ત નિયમોનું પાલન કરવું પડશે.અધિકારીઓ દ્વારા પણ પણ સતત નજર રાખશે. ગઈકાલે કેન્દ્રની ટીમની નારાજગી બાદ માઈક્રો કન્ટેઈમેન્ટ ઝોનમાં આવેલી સાઉથ બોપલના ઓર્ચિડ એપાર્ટમેન્ટના ગેટ પર રાતોરાત પતરા લગાવી દીધા. ઈમરજન્સી સેવા સિવાય કોઈ લોકો બહાર અવર જવર નહિ કરી શકે.

માઈક્રો કન્ટેઈમેન્ટ સોસાયટીની મુલાકાતે એએમસીની હેલ્થ ટિમ પહોંચી હતી. તેમજ પોલીસ દ્વારા પણ સોસાયટીની મુલાકાત કરવામાં આવી હતી. તેમજ સોસાયટીને સેનિટાઈઝ કરાઈ હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ ઓફિસર ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં બોપલ ઘુમાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### આણંદ જિલ્લામાં એક જ દિવસમાં વધુ ૧૪ કોરોના કેસ આવતા લોકોમાં ફફડાટ

# ખંભાતમાં વધુ ત્રણ, ઉમરેઠ-પેટલાદ-બોરસદમાં વધુ એક-એક કેસ નોંધાયા

આણંદ,તા.૨૭

આણંદ જિલ્લામાં કોરોના સંક્રમણનું વરવું સ્વરૂપ દિવસે દિવસે પ્રકટ થઈ રહ્યું છે અને કેસો વધતા જ જાય છે. શુક્રવારે પણ વધુ ૧૪ કેસ નોંધાયા છે. જેમાં આઠ કેસ તો માત્ર આણંદ શહેરના જ છે જ્યારે ખંભાતમાં વધુ ત્રણ જ્યારે ઉમરેઠ-પેટલાદ, બોરસદમાં પણ વધુ એક-એક નોંધાતા આણંદ જિલ્લામાં કોરોનાગ્રસ્ત દર્દીઓનો આંક ૨૦૩ પહોંચી ગયો છે. જોકે ૧૫૩ દર્દીઓ સ્વસ્થ પણ થયા છે. આણંદ શહેરમાં ભાલેજ રોડ વિસ્તાર હોટસ્પોટ ઝોન બનવા તરફ જઈ રહ્યો છે તો શહેરના બીજા વિસ્તારો પણ લપેટમાં આવતા જાય છે. શહેરના ગોપી સિનેમા પાછળ રહેતી ૫૦ વર્ષીય મહિલાનો રીપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.

અગાઉ કપાસિયા બજારનો એક યુવક કોરોનાગ્રસ્ત બન્યો હતો. જિલ્લા આરોગ્ય તંત્રએ આપેલી માહિતી મુજબ આજે નોંધાયેલ નવા ૧૪ કેસોમાં ખંભાત નાનો કુંભારવાડાના ૫૮ વર્ષિય પુરુષ, ઉમરેઠ કસ્બાના ૬૦ વર્ષીય પુરુષ, બોરસદ તાલુકાના ખાનપુરના ૬૭ વર્ષીય પુરુષ, પેટલાદના ૬૫ વર્ષીય, આણંદ પોલસન ડેરી રોડ પરની પેરામાઉન્ટ સોસાયટીના ૭૦ વર્ષીય પુરુષ, ખંભાત જામલી મહોલ્લાના ૫૧ વર્ષીય પુરુષ, આણંદ નયાવતન સોસાયટીના ૬૫ વર્ષીય પુરુષ, ઝકરીયા સ્ટ્રીટ આણંદના ૩૫ વર્ષિય પુરુષ, અમરદીપ સોસાયટીના ૬૨ વર્ષીય પુરુષ, રહીમાનગર આણંદના ૫૯ વર્ષીય પુરુષ, ગોપી સિનેમા પાછળ રહેતા ૫૦ વર્ષીય પુરુષ, ખંભાત ધનજી શાહની પોળમાં રહેતા ૫૪ વર્ષીય મહિલા આણંદ ઈકબાલ કોલોની ભાલેજ રોડ ખાતેની ૬૨ વર્ષીય વૃદ્ધા તથા બાગેઅમન સોસાયટીમાં રહેતી ૨૬ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે.

આજે નવા નોંધાયેલ ૧૪ પોઝીટીવ કેસો મળી આણંદ જિલ્લામાં કોરોના સંક્રમણનો ભોગ બનનારની સંખ્યા ૨૦૩ ની થવા પામી છે. હાલમાં કુલ ૩૦ દર્દીઓ સારવાર હેઠળ છે. જેમાં ૧૪ દર્દીઓ કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં જ્યારે બીજા ૧૫ દર્દીઓ વડોદરાની હોસ્પિટલમાં જ્યારે એક દર્દી ખંભાતની કાર્ડીયાક કેર હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. જેમાં ચાર દર્દીઓને વેન્ટીલેટર પર રખાયા છે.

# અમદાવાદમાં એક જ વર્ષમાં ગુજરાતી મીડિયમની ૨૫ સ્કૂલોને વાગ્યા તાળાં

અમદાવાદ,તા.૨૭

નિષ્ણાંતો દ્વારા સતત માતૃભાષામાં શિક્ષણ અંગે અનેકવાર કહેવા અને સરકાર દ્વારા પણ માતૃભાષાના જતન માટે અનેક પ્રયાસો છતા ગુજરાતી તરફનું વળગણ ધીરે ધીરે ઓછું થઈ રહ્યું છે. જેનું પરિણામ છે આજે કોઈ માતા-પિતા પોતાના બાળકોને ગુજરાતી શાળામાં બેસાડવા માટે તૈયાર નથી. માતૃભાષાની જાળવણીને આપણે અનેક બુલબાંગો મારીએ પણ જો બાળક પોતાની માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ જ નહીં મેળવતું હોય તો તેને આ ભાષા તરફ ક્યારેય લગાવ નહીં રહે. એટલે આજે ગુજરાતી માધ્યમની સ્કૂલો ટપોટપ બંધ થઈ રહી છે અને જો કોઈ શરું છે તો તે બંધ થવાના વાંકે ચાલી રહી છે. આવી સ્કૂલો એવા જ વિદ્યાર્થીઓ આવી રહ્યા છે જેમના માટે અંગ્રેજી માધ્યમના શિક્ષણનો ખર્ચ પોષાય તેમ નથી આ એક વરવી અને કડવી વાસ્તવિક્તા છે. આંકડાની સાક્ષીએ જોઈએ તો અમદાવાદ શહેરમાં એક વર્ષમાં જ ૨૫ જેટલી સ્કૂલો વિદ્યાર્થીઓ ન મળવાના લીધે બંધ થઈ હોવાનું સામે આવ્યું છે .મોટાભાગની સ્કૂલો વિદ્યાર્થીઓના અભાવે ખર્ચ ભોગવી શકે તેવી સ્થિતીમાં ન હોવાથી બોર્ડ સમક્ષ સામે ચાલીને સ્કૂલ બંધ કરવા માટે રજૂઆત કરતી હોય છે અને તેના આધારે બોર્ડ સ્કૂલો બંધ કરવાની મંજુરી આપે છે. શહેરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની મળી ૨૫ જેટલી સ્કૂલો વિદ્યાર્થીઓ ન મળવાના લીધે બંધ થઈ છે. જેમાં મોટાભાગની ગુજરાતી માધ્યમની સ્કૂલો હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ શહેરમાં આવેલી સ્કૂલો પૈકી ઘણી સ્કૂલોને પુરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ ન મળવાના લીધે તેમને સ્કૂલ ચલાવવી અઘરી પડે છે. શિક્ષકોના પગાર અને સ્કૂલોના ખર્ચની સામે ફીની પુરતી આવક ન થવાના લીધે આવી સ્કૂલો દ્વારા શિક્ષણ બોર્ડ સમક્ષ સામેથી અરજી કરી સ્કૂલ બંધ કરવા માટે જણાવવામાં આવે છે. અમદાવાદ શહેરમાં આવી ૨૫ જેટલી સ્કૂલો ૨૦૧૯થી જૂન-૨૦૨૦ દરમિયાન બંધ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ સ્કૂલો પૈકી મોટાભાગની સ્કૂલો પૂર્વ વિસ્તારમાં આવેલી હોવાનું જાણવા મળે છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે હાલમાં વાલીઓમાં અંગ્રેજી માધ્યમનો ક્રેઝ જે રીતે વધી રહ્યો છે તેને જોતા આગામી દિવસોમાં ગુજરાતી માધ્યમની સ્કૂલોની સ્થિતી વધુ કફોડી બનશે. શહેરમાં એક જ વર્ષમાં જે ૨૫ સ્કૂલો બંધ થઈ છે તે તમામ સ્કૂલો ગુજરાતી માધ્યમની હોવાનું જાણવા મળે છે. જે સ્કૂલોને તાળા વાગ્યા છે તે પૈકી મોટાભાગની ગ્રાન્ટેડ સ્કૂલો છે અને બે જેટલી સ્કૂલો નોન ગ્રાન્ટેડ હોવાનું પણ સામે આવ્યું છે. આમ, ગ્રાન્ટેડ સ્કૂલોને ખાનગી સ્કૂલોના અતિક્રમણથી સૌથી વધુ અસર થઈ હોવાનું જાણવા મળે છે.

### રાજ્ય શિક્ષણમંત્રી વિભાવરીબેન દવેએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યુ

# ભાવનગરના મોબાઈલ પશુ વાનના લોકાર્પણ કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સ ધજાગરા

અમદાવાદ,તા.૨૭

ગુજરાત સરકારે રાજ્યના ગ્રામીણ વિસ્તારના પશુપાલકોને ઘરે બેઠા પશુ સારવાર મળી રહે તે માટે મોબાઈલ પશુ દવાખાનાની સુવિધા ગાંધીનગરથી ઉપલબ્ધ કરાવી છે. વર્ષ ૨૦૨૦-૨૧થી ૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાનાની યોજનાનું GVK-EMRI દ્વારા અમલીકરણ થનાર છે. ત્યારે ભાવનગરમાં રાજ્યમંત્રી વિભાવરીબેન દવેના હસ્તે મોબાઈલ પશુ વાનનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. પરંતુ ભાજપના નેતાઓએ સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડાડ્યા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. જો કોંગ્રેસના નેતાઓ સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરે તો જાહેરનામા ભંગનો ગુનો નોંધાય છે. પરંતુ અહિયા ભાજપના નેતાઓ જ સોશિયલ ડિસ્નટન્સના ધજાગરા કરતા જોવા મળ્યાં હતાં. ભાવનગર જિલ્લા પંચાયત ખાતે ૮ પશુ વાન લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેને રાજ્ય શિક્ષણમંત્રી વિભાવરીબેન દવેએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યુ હતું. રાજયમંત્રી વિભાવરીબેન દવેએ જણાવ્યું હતુ કે રાજય સરકાર દ્વારા અમદાવાદ અંને ભાવનગરને સૌથી વધુ પશુ મોબાઈલ વાન ફાળવાઈ છે. ૧૦ ગામ દીઠ કલસ્ટર મુજબ ૧ એમ્બ્યુલન્સ પશુઓની સેવામા કાર્યરત રહેશે અને હજુ પણ તબક્કાવાર કુલ ૧૯ ફરતા પશુ દવાખાના ભાવનગર જિલ્લાને મળશે. વધુમાં તેમણે જણાવ્યુ કે ૧૦૮ની સેવા શરૂ કરી હતી.

આજ પ્રણાલીને આગળ વધારી માનવીની જેમજ પશુઓની પણ દરકાર લીધી છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મંત્રી વિભાવરીબેન દવે, સાંસદ ભારતીબેન શિયાળ, જિલ્લા પંચાયતના પ્રમુખ વક્તુબેન મકવાણા, જિલ્લા વિકાસ અધિકારી વરૂણકુમાર બરનવાલ સહિતના પદાધિકારી અધિકારીઓ કોરોના સંક્રમણને અટકાવવા માટે બનાવેલ સોશિયલ ડિસ્ટન્સના નિયમને નેવે મુકતા જોવા મળ્યાં હતાં.

# યુવતીને સલામ: અંગદાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન આપ્યુ

સુરત,તા.૨૭

ગણદેવી તાલુકાના ધમડાછા ભૂરાવાડીની દિશા દેવાંગભાઈ નાયક(ઉ.વ.આ.૨૦)ના ૧૬ જૂનના રોજ રાત્રે ઘરમાં જ ફાંસો ખાઈ લીધો હતો. બાદમાં યુવતીની સારવાર કરાવવામાં આવી રહી હતી. પરંતુ તબીબોએ નવસારીમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિજીયોથેરાપીના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી યુવતીને બ્રેઈનડેડ જાહેર કરી હતી. જેથી પરિવારે યુવતીના અંગોનું દાન કરીને પાંચ વ્યક્તિઓને નવુંજીવન આપ્યું હતું. લોકડાઉન બાદ સુરતમાંથી પ્રથમ વખતે અંગોનું દાન કરવામાં આવ્યું હતું. તા. ૧૬ જૂન ના રોજ રાત્રે સાડા અગિયાર વાગ્યાના અરસામાં દિશા પોતાના ઘરે ફાંસો ખાઈ જતાં તેને સારવાર માટે તાત્કાલિક ગણદેવીમાં આવેલ દમણિયા હોસ્પિટલમાં દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી. વધુ સારવાર માટે તા. ૧૭ જૂને દિશાને સુરતની સિમ્સ હોસ્પીટલમાં ડૉ. કરશન નંદાણીયાની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી. નિદાન માટે સીટી સ્કેન કરાવતા મગજમાં લોહી અને ઓક્સીજન નહીં પહોંચવાને કારણે મગજમાં સોજો હોવાનું નિદાન થયું હતું. રવિવાર તા. ૨૧ મી જૂનના રોજ ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. કરશન નંદાણિયા, ન્યૂરોફિજીશિયન ડો. ગૌરાંગ ઘીવાલા, ગેસ્ટ્રોલોજીસ્ટ રાજીવ મેહતા અને સર્જન ડો. કેયૂર ભટ્ટે દિશાને બ્રેનડેડ જાહેર કરી. દિશાનો COVID ટેસ્ટ કરાયા બાદ ઑફિંઢ ટેસ્ટ નેગેટિવ આવે ત્યાર પછી જ ઓર્ગન ડોનેશનની પ્રક્રિયા શરૂ થઈ શકે તેમ હતી. COVID ટેસ્ટ નેગેટિવ આવતા ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી દિશાના ફુઆ બંકિમભાઈ દેસાઈની સાથે રહી દિશાના પિતા અને માતા દેવાંગભાઈ અને શિલ્પાબેનની સાથે અંગદાન અંગેની ચર્ચા કરી.

પરિવારજનોએ જણાવ્યુ કે અમને નિર્ણય લેવા માટે થોડા દિવસનો સમય આપો. શનિવાર, ૨૭ જૂનના રોજ દિશાના ફુઆ બંકિમભાઈ દેસાઈએ નિલેશભાઈ માંડલેવાળાને ટેલિફોન કરી દિશાના માતા-પિતા તમને મળવા માંગે છે તેમ જણાવ્યુ. નિલેશભાઈ માંડલેવાળાએ હોસ્પિટલ પહોચી દિશાના માતા-પિતા દેવાંગભાઈ અને શિલ્પાબેન તેમજ પરિવારનાઅન્ય સભ્યોને અંગદાનનું મહત્વ સમજાવી તેની સમગ્ર પ્રક્રિયા સમજાવી.

## અંતરનાં આયનામાં....
### (લેખાંક - ૭)
**વર્ષા જાની**

ચીન એની નીચ હરકતો છોડતું જ નથી. આપણા દેશના વીસ જવાનોએ માભોમને માટે પોતાના જીવ દઈ દીધાં. માતૃભૂમિને માટે આપેલું એનું બલિદાન જરાય પણ એળે ન જવું જોઈએ. આપણા વીર જવાનોના બલિદાનથી દરેકે દરેક ભારતવાસીએ પ્રતિજ્ઞા કરવી જ જોઈએ કે" હું મારાં દેશની બનાવેલી જ ચીજ વસ્તુઓ વાપરીશ, ચીનની વસ્તુઓને હાથ શુદ્ધા નહીં લગાડું. મારી પાસે ચીનની જે પણ વસ્તુઓ હશે એનો હું નાશ કરીશ. " અરે આપણા જવાનો પોતાના ઘર, સ્વજન વગેરે ની પરવા કર્યા વગર દેશને માટે ન્યોછાવર થઈ જતાં હોય તો પછી દરેક ભારતવાસીની પણ ફરજ બને છે, દેશને માટે કશુંક કરી છૂટવાની.

હાસ્યકલાકાર ડૉ. જગદીશ ત્રિવેદી સરે આ વીર સપૂતોને રડતાં રડતાં હૃદયસભર શ્રદ્ધાંજલિ આપતાં એક ઉત્તમ કવિતાનું પઠન કર્યું છે. જે સાંભળીને ભાવકની આંખ પણ ભીંજાયા વગર રહી જ ન શકે. એ કવિતા દ્વારા અમેરિકન સર્જક



ટીમ ઓ બ્રાયને વિયેતનામ વોર વખતે શહીદોને ઉત્તમ શબ્દાંજલિ આપી છે. કવિ શહીદોના જ શબ્દોમાં કહે છે...

If I die in a war zone
Box me up and send my home
Put my medals on my chest
Tell my mom I did my best
Tell my Dad no to bow
He won't get tension from me now.
Tell my bro to study perfectly
Key of my bike will be his
Permanently
Tell my sister no to be upset
Her bro will take a long sleep
After Sunset.
Tell my nation not to cry
Beacuse I am a soldier bron
to die.

શહીદી વહોરતી વખતે અંત સમયે હોઠોંમાંથી સરેલા વણ કહેવાયેલા વીર સપૂતના આ શબ્દો.. જયારે હું યુદ્ધના મેદાનમાં મરી જાઉં પછી મને મારાં ઘરે પહોંચાડજો, મારી છાતી પર મારા મેડલ્સ મૂકજો, મારી માતાને કહેજો કે મેં ઉત્તમ આપ્યું છે. મારાં પિતાને કહેજો કે મારાં માટે ક્યાંય ભલામણ નહીં કરવી પડે !હવે મારાં તરફથી કોઈ ચિંતા નહી રહે ! મારાં ભાઈને કહેજો બરાબર ભણે, મારી બાઈકની ચાવી કાયમને માટે તેની રહેશે. મારી બહેનને કહેજો જરાય દુ:ખી ન થાય તેનો ભાઈ સૂર્યાસ્ત પછી ચીરનિદ્રામાં પોઢી જશે. મારા દેશને કહેજો રડે નહી કારણકે હું સૈનિક છું, અને હું મરવા માટે જ જન્મ ધારણ કરું છું!

જીવને મુઠ્ઠીમાં લઈને સરહદ પર ખડે પગે ચોવીસ કલાક, ત્રણસો ને પાંસઠ દિવસ દેશનું રક્ષણ કરનારા આ વીર સપૂતો મૃત્યુ પણ ઉજાળી જાણે છે. જે જન્મે છે, એનું મૃત્યુ પણ નક્કી જ છે. શ્રીમદ્દભગવદ્દગીતામાં કહ્યું જ છે ને..

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च।
तस्माद परिहर्येर्थे न त्वं शोचितुमर्हसि ॥

જન્મેલાનું મરણ નિશ્ચિત છે અને મૃત્યુ પામેલા નો જન્મ નિશ્ચિત છે તેથી ટાળી ન શકાય તેવી બાબતમાં તારે શોક ન કરવો.

જીવન મરણનાં ફેરામાંથી તો દરેક જીવ માત્ર એ પસાર થવું પડે. પણ જે જીવન બીજાને માટે જીવાયું હોય, સમાજને માટે જીવાયું હોય કે પછી માતૃભૂમિ માટે જીવન સમર્પિત થયું હોય એ જ સાચું જીવન, અને એ જીવનને સો સો સલામ.

રોતે હુવે આતે હે સબ,
હસતાં હુઆ જો જાયેગા,
વો મુક્કદર કા સિકન્દર
જાને મન કહેલાયેગા..

માતૃભૂમિના આવા સિકન્દર વિરલાઓને તો સાષ્ટાંગ દંડવત જ કરવા ઘટે.

વર્ષા જાની
ભાવનગર
૨૮ જૂન ૨૦૨૦

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001

CMYK